બિન સરકારી માધ્યમિક શાળાના આચાર્ય
/વહીવટી કર્મચારીને સહાયક અનુદાન
હેઠળ વાહન ભથ્થું મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
હુકમ ક્રમાંક :- બમશ-૧૧૮૮-૩૦૯૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯-૧૧-૨૦૧૧

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૯-૧-૮૯ ના ઠરાવ ક્રમાંક :- બમશ-૧૧૮૮-૩૦૯૨-ગ

(૨) શિક્ષણ વિભાગના તા.૨-૭-૯૯ ના ઠરાવ ક્રમાંક :- બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ.

(૩) શિક્ષણ વિભાગના તા.૧-૩-૦૫ ના પત્ર ક્રમાંક :- બમશ-૧૧૦૪-૧૬૬૪-ગ

(૪) કમિશનર શાળાઓની કચેરીના તા.૨૮-૦૭-૧૧ના પત્ર ક્રમાંક:-હસબ-૨૦૧૧-૨૭૦૭.

આમુખ :-

રાજ્યની બિન સરકારી (ગ્રાન્ટેડ) શાળાના આચાર્ય અથવા વહીવટી કર્મચારીને શાળાના કામે વાહનના ઉપયોગ માટે વાહન ભથ્થા તરીકે વાર્ષિક રૂ.૨૪૦૦ માન્ય રાખવા સંદર્ભ-(૧) ના ઠરાવથી હુકમો કરવામાં આવેલ. ત્યાર બાદ સંદર્ભ-(૨) માં જણાવેલ ઠરાવ અન્વયે સહાયક અનુદાનની નવી નીતિ અમલમાં આવતા ઉપર વંચાણેમાં લીધેલ સંદર્ભ-(૩) ના પત્રથી શાળાના આચાર્ય અને કર્મચારીને સંદર્ભ-(૨) ની જોગવાઇ મુજબ માસિક રૂ.૫૦૦/- ની મર્યાદામાં વાહન ભથ્થું આકારવાની મંજૂરી આપવામાં આવેલ છે.

આ બાબતે આચાર્ય સંઘ દ્વારા તા.૨૫-૭-૧૧ ના પત્રથી માન.મંત્રીશ્રીને કરેલી રજૂઆત તથા તે પરત્વે કમિશનર, શાળાઓની કચેરીના સંદર્ભ-(૪) અન્વયે મળેલી દરખાસ્ત અન્વયે બિન સરકારી(ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાના આચાર્ય અથવા વહીવટી કર્મચારી બે પૈકી કોઇ એકને સહાયક અનુદાન હેઠળ મળતી ઇતર ખર્ચની ગ્રાન્ટમાંથી વાહન ભથ્થું જે તે આચાર્ય કે વહીવટી કર્મચારીના પગારમાં આકારવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાના આચાર્ય અથવા વહીવટી કર્મચારીને નીચે જણાવેલ શરતોને આધીન પગારમાં વાહન ભથ્થું આકારવાની મંજૂરી આપવામાં આવે છે.

(૧) શાળાના કામે પોતાના વાહન ઉપયોગ કરતા બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાના આચાર્યને અથવા વહીવટી કર્મચારીને, વાહનના બળતણ અને રીપેરના

ખર્ચ પેટે શિ.વિ. ના તા.૨૪-૭-૯૯ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ ના પરિશિષ્ટ-૨ ની આઇટમ નં.૨૨ અન્વયે નકકી કરવામાં આવેલ માસિક રૂ.૫૦૦/- ની મર્યાદામાં વાહન ભથ્થું, જે તે માધ્યમિક શાળાના આચાર્યના અથવા વહીવટી કર્મચારીના પગાર બિલમા નીચેનો શરતોને આધીન આકારી શકાશે.

(૨) શાળાના આચાર્યશ્રીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેમણે શાળાના કામ અર્થે પોતાના વાહનનો ઉપયોગ કરેલ છે અને આ હેતુ માટે અન્ય રીતે કોઇ ભથ્થું આકારેલ નથી.

(૩) શિ.વિ.ના તા.૧૯-૧-૮૯ ના ઠરાવ મુજબ શાળાના આચાર્ય અથવા વહીવટી કર્મચારી બેમાંથી એકને વાહન ભથ્થું મળવાપાત્ર છે. આથી શાળાના આચાર્ય સ્વૈચ્છિક રીતે ઉપર મુજબ વાહન ભથ્થું ન લેવાનો વિકલ્પ આપે,તો તેવા કિસ્સામાં શાળાના આચાર્યએ, જે તે વહીવટી કર્મચારીને શાળાની કામગીરી માટે પોતાના વાહનનો ઉપયોગની મંજૂરી આપેલ છે અને તેઓ પોતે વાહન ભથ્થું લેતાં નથી તે મુજબનું પ્રમાણપત્ર આપ્યેથી શાળાના આચાર્યના વિકલ્પે જે તે વહીવટી કર્મચારીને માસિક રૂ.૫૦૦/-ની મર્યાદામાં વાહન ભથ્થું મળવાપાત્ર થશે.

(૩) ઉપર મુજબ શાળાના આચાર્ય અથવા વહીવટી કર્મચારીને ચુકવવામાં આવતાં વાહન ભથ્થા જેટલી રકમ શિ.વિ.ના તા.૨-૭-૯૯ ના ઠરાવ મુજબ જે તે વર્ષની મળવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી બાદ કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧-૧૧-૧૧ ની નોંધથી મળેલી સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ (મા. શિ.)
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના પ્રતિ :

માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા અને મા. શિ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ.
સબંધિત સરકાર માન્ય સંઘો (કમિશનરશ્રી, શાળાઓ મારફત)
સિલેકટ ફાઇલ. ગ-શાખા